દાખલ તારીખ :૦૬/૦૨/૨૦૧૭
નોંધણી તારીખ :૦૬/૦૨/૨૦૧૭
ફેંસલ તારીખ :૦૩/૧૧/૨૦૧૮
અવધિ : વર્ષ: માસ: દિવસ:

---

છોટાઉદેપુર જીલ્લાના મહે.અધિક સેશન્સ જજ ( શ્રી.એ.આઈ.શેખ )

સાહેબની કોર્ટમાં, મુ.છોટાઉદેપુર.

---

**સેશન્સ કેસ નં.૪૬/૨૦૧૭**

**સેશન્સ કેસ નં.૧૯/૨૦૧૮**

**આંક :-**

---

૧) **શ્રી સ ર કા ર** .... ફરીયાદી

**વિરુધ્ધ.**

૧. મકનભાઈ ઉધીયાભાઈ રાઠવા,
રહે:નવાગામ,
તાલુકો અને જિલ્લો-છોટાઉદેપુર .... આરોપી

---

ભારતીય દંડ સંહિતા ૧૮૬૦ ની કલમ : ૩૦૨, ૧૧૪ તથા આર્મસ એકટની કલમ-૨૫(૧)બી,૨૭(૧) મુજબ

---

સરકારશ્રી તરફે : વિ.એ.પી.પી.શ્રી. જે.બી.પુરાણી

આરોપીઓ તરફે : વિ.વ.શ્રી એ.એમ.ભટ્ટ

---

:: <u>ચુકાદો</u> ::

(૧) ફરીયાદપક્ષના કેસની ટુંકી હકીકત એવી છે કે,તા:૧૫/૫/૨૦૧૬ના રોજ કલાક–૭.૦૦ વાગ્યાના સુમારે મોજે: નવાગામ ગામે આ કામના સાહેદ કુલસીંગભાઈ મોહનીયાભાઈ રાઠવાના ઘરે પાણગાનો તહેવાર હોય આ કામના બન્ને આરોપીઓ પાણગાના પ્રસંગમાં નાચતા હોય અને આરોપી રામાભાઈ મંજીભાઈ રાઠવા નાઓ બંદુક લઈને નાચતા હોય જેથી આ કામના મરણજનાર વેસ્તાભાઈ રજુડીયાભાઈ રાઠવા ઉ.વ. ૫૫ રહે:નવાગામ તા:જેતપુરપાવી વાળાએ આરોપી નં.૨ રામાભાઈને બંદુક લઈને નાચવાની ના પાડેલી તેની અદાવત રાખી આ કામના રામાભાઈએ તેની અદાવત રાખી તેમની લોડ કરેર લાયસન્સ વાળી બંદુક આ કામના આરોપી નં.૧ મકનભાઈ ઉંધીયાભાઈને આપેલી અને આરોપી મકનભાઈ ઉંધીયાભાઈએ ગેરકાયદેસર રીતે હથિયાર બંદુક ધારણ કરી, મરનારની સામે સીધુ ફાયરીંગ કરી, મરણજનારને છાતીના ભાગે ડાબી બાજુ તથા ડાબા પગ ઉપર ગંભીર પ્રકારની જીવલ ેણ ઈજાઓ પહોંચાડી, બન્ને આરોપીઓએ એકબીજાની મદદગારીમાં ગુનો કરેલ હોય, ફરીયાદીએ આરોપીઓ સામે ફરીયાદ આપતાં છોટાઉદેપુર પોલીસ સ્ટેશન ફસ્ટ ગુ.ર.નં.૬૧/૧૬થી ગુનો રજીસ્ટર કરવામા આવેલો, અને આરોપીઓ વિરુધ્ધ પુરતો પુરાવો પડતા ઈ.પી.કોડની કલમ–૩૦૨,૧૧૪, તથા આર્મસ એકટની કલમ–૨૫(૧) બી, ૨૭(૧) મુજબના પુરતા પુરાવાઓ મળી આવતાં આ કામના આરોપી નં.૧ મકનભાઈ ઉંધીયાભાઈ રાઠવા નાઓ સામેનુ ચાર્જશીટ કરવામાં રજુ કરવામાં આવેલ જે ક્રિમીનલ કેસ નં.૨૭૨/૧૬થી રજીસ્ટર કરવામાં આવેલો.

(૨) આરોપી સમેનો કેસ નામ. સેશનસ અદાલત ચલાવી શકે તેમ હોય ક્રિ. પ્રો.કોડની કલમ–૨૦૭ મુજબ પોલીસ પેપર્સ આપી ક્રિ.પ્રો.કોડની કલમ–૨૦૯ મુજબ સેશન્સ કમીટકરવામાં આવેલો જે સેશન્સ કેસ નં.૪૬/૧૭થી રજીસ્ટર કરવામાં આવેલો. આરોપી હાજર થતાં આરોપી વિરુધ્ધ આંક:૯થી તહોમતનામુ ફરમાવવામા

આવેલ અને આરોપીનો આંક:૧૦થી જવાબ લેવામાં આવતાં ગુનાનો ઈન્કાર કરતાં ફરીયાદપક્ષના પુરાવા માટે રાખવામાં આવેલુ.

(૩) સબબ કામે ફરીયાદપક્ષ તરફથી મુકવામાં આવેલા તહોમતના ન્યાયનિર્ણય માટેનીચે મુજબના મુદ્દા ઉપસ્થિત કરુ છુ.

૧) શુ ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, મરનારનુ મૃત્યુ અકુદરતી મૃત્યુ થયેલુ છે.

૨) શુ ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપી તથા કોલમ નં.ર માંજણાવેલ આરોપી રામજીભાઈ મનજીભાઈ સાહેદ કુલસીગભાઈ મોહનીયાભાઈ રાઠવાના ઘરે પાણગાના તહેવારમાં બંદુક લઈ નાચતા હોય મરનાર સાહેદ વેસ્તાભાઈ રજુડીયાભાઈ નાઓએ બંદુક લઈ નાચવાની ના પાડતાં કોલમ નં.ર માંજણાવેલ આરોપીએ તેની લોડ કરેલી બંદુક હાલના આરોપીને આપી આરોપી મકન વેસ્તાએ મરનારની સામે સીધુ ફાયરીંગ કરી છાતીના ભાગે ડાબી બાજુ તથા ડાબા પગઉપર જીવલેણ ઈજાઓ કરી મોત નિપજાવી, એકબીજાનેમદદગારી કરી ઈ.પી.કોડની કલમ-૩૦૨,તથા આર્મસ એકટની કલમ-૨૫(૧)બી,૨૭(૧) મુજબનો ગુનો કરેલ છે ?

૩) શુ હુકમ ?

(૪) ઉપરોકત મુદ્દાઓ પરત્વેનો મારો નિર્ણય નીચે મુજબ આપુ છુ.

નિર્ણયો:-

૧) હકારમાં,

૨) નકારમાં,

૩) આખરી હુકમ મુજબ

દાખલ તારીખ :૦૪/૦૫/૨૦૧૮

નોંધણી તારીખ :૦૪/૦૫/૨૦૧૮

ફેંસલ તારીખ :૦૩/૧૧/૨૦૧૮

અવધિ : વર્ષ: માસ: દિવસ:

(૫) **મે. છોટાઉદેપુરના એડી.સેશન્સ જજ(શ્રી એ.આઈ.શેખ સાહેબ)ની કોર્ટમાં,મુ. છોટાઉદેપુર**

**<u>સેશન્સ કેસ નં.૧૯/૨૦૧૮ના</u>**

૧) **શ્રી સ ર કા ર** .... ફરીયાદ

**<u>વિરુધ્ધ.</u>**

**<u>આરોપી</u>**

૧. **રામલાભાઈ મનજીભાઈ રાઠવા,**
**રહે:નવાગામ,**
**તાલુકો અને જિલ્લો–છોટાઉદેપુર**

.... આરોપી

---

ભારતીય દંડ સંહિતા ૧૮૬૦ ની કલમ : ૩૦૨, ૧૧૪ તથા આર્મસ એકટની કલમ–૨૫(૧)બી,૨૭(૧) મુજબ

---

સરકારશ્રી તરફે : વિ.એ.પી.પી.શ્રી. જે.બી.પુરાણી

આરોપીઓ તરફે : વિ.વ.શ્રી યુ.સી.ભટ્ટ

---

:: <u>ચુ કા દો ::</u>

(૬) ફરીયાદપક્ષના કેસની ટુંકી હકીકત એવી છે કે,તા:૧૫/૫/૨૦૧૬ના રોજ કલાક–૭.૦૦ વાગ્યાના સુમારે મોજે: નવાગામ ગામે આ કામના સાહેદ કુલસીંગભાઈ મોહનીયાભાઈ રાઠવાના ઘરે પાણગાનો તહેવાર હોય આ કામના બન્ને આરોપીઓ પાણગાના પ્રસંગમાં નાચતા હોય અને આરોપી રામાભાઈ મંજીભાઈ રાઠવા નાઓ બંદુક લઈને નાચતા હોય જેથી આ કામના મરણજનાર વેસ્તાભાઈ રજુડીયાભાઈ રાઠવા ઉ.વ.

પપ રહે:નવાગામ તા:જેતપુરપાવી વાળાએ આરોપીએ અદાવત બંદુક લઈને નાચવાની ના પાડેલી તેની અદાવત રાખી આ કામના  રામાભાઈએ તેની અદાવત રાખી તેમની લોડ કરેલ લાયસન્સ વાળી બંદુક આ કામનાઆરોપી મકનભાઈ ઉંઘીયાભાઈને આપેલી અને આરોપી મકનભાઈ ઉઘીયાભાઈએ ગેરકાયદેસર રીતે હથિયાર બંદુક ધારણ કરી, મરનારની સામે સીઘુ ફાયરીંગ કરી, મરણજનારને છાતીના ભાગે ડાબી બાજુ તથા ડાબા પગ ઉપર ગંભીર પ્રકારની જીવલેણ ઈજાઓ પહોંચાડી, બન્ને આરોપીઓએ એકબીજાની મદદગારીમાં ગુનો કરેલ હોય, ફરીયાદીએ આરોપીઓ સામે ફરીયાદ આપતાં છોટાઉદેપુર પોલીસ સ્ટેશન ફસ્ટ ગુ.ર.નં.૬૧/૧૬થી ગુનો રજીસ્ટર કરવામા આવેલો, અને આરોપીઓ વિરુઘ્ધ પુરતો પુરાવો પડતા આરોપીને અટક કરી ઈ.પી.કોડની કલમ-૩૦૨,૧૧૪, તથા આર્મસ એકટની કલમ-૨૫(૧)બી,૨૭(૧) મુજબના ચાર્જશીટ કરવામાં  રજુ કરવામાં આવેલ જે ક્રિમીનલ કેસ નં.૨૦૧/૧૮થી રજીસ્ટર કરવામાં આવેલો.

(૭) આરોપી સામેનો ગુનો માત્ર નામ. સેશન્સ અદાલત ચલાવી શકે તેમ  હોય  ક્રિ .પ્રો. કોડની કલમ-૨૦૭ પ્રમાણેપોલીસ પેપર્સની નકલો આપવામાં  આવેલી અને અત્રેની કોર્ટમાં સેશન્સ કમીટ કરવામાં આવેલ જે સેશન્સ કેસનં. ૧૯/૨૦૧૮થી રજીસ્ટર કરવામાં આવેલો.

(૮) આરોપી હાજર થતાં આરોપી સામે આંક:૭થી તહોમતનામુ ફરમાવવામાં આવેલુ અનેઆંક:પથી જવાબલેતાં ગુનાનો ઈનકાર કરતાં ફરીયાદપક્ષના પુરાવા ઉપર રાખવામાં આવેલુ.

(૯) સબબ કામે ફરીયાદપક્ષ તરફથી મુકવામાં આવેલા આરોપી વિરુઘ્ધના તહોમત માટેનીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

૧) શુ ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, મરનારનુ મૃત્યુ અકુદરતી મૃત્યુ થયેલુ છે.

૨)	શુ ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપી તથા કોલમ નં.ર માંજણાવેલ આરોપી રામજીભાઈ મનજીભાઈ સાહેદ કુલસીગભાઈ મોહનીયાભાઈ રાઠવાના ઘરે પાણગાના તહેવારમાં બંદુક લઈ નાચતા હોય મરનાર સાહેદ વેસ્તાભાઈ રજુડીયાભાઈ નાઓએ બંદુક લઈ નાચવાની ના પાડતાં કોલમ નં.ર માંજણાવેલ આરોપીએ તેની લોડ કરેલી બંદુક હાલના આરોપીને આપી આરોપી મકન વેસ્તાએ મરનારની સામે સીધુ ફાયરીંગ કરી છાતીના ભાગે ડાબી બાજુ તથા ડાબા પગઉપર જીવલેણ ઈજાઓ કરી મોત નિપજાવી, એકબીજાનેમદદગારી કરી ઈ.પી.કોડની કલમ–૩૦૨,તથા આર્મસ એકટની કલમ–૨૫(૧)બી,૨૭(૧) મુજબનો ગુનો કરેલ છે ?

૩)	શુ હુકમ ?

(૧૦) ઉપરોકત મુદ્દાઓ પરત્વેનો મારો નિર્ણય નીચે મુજબ આપુ છુ.

નિર્ણયો:–

૧)	હકારમાં,

૨)	નકારમાં,

૩)	આખરી હુકમ મુજબ

(૧૧) સબબ કામે સેશન્સ કેસ નં.૧૯/૧૮ તે સેશન્સ કેસ નં.૪૬/૧૭ના કામનુ પુરવણી ચાર્જશીટ હોય, આંક:૬થી બન્ને કેસો ભેગા ચલાવવા માટેની અરજી આપતાં જે અરજી મંજુર કરી સેશન્સ કેસ નં.૧૯/૧૮નુ કામ સેશન્સ કેસ નં.૪૬/૧૭ની સાથે ભેગો પુરાવો લઈ નિકાલ કરવા માટે રાખેલો.

(૧૨) **<u>પુરાવાઓ:–</u>**

સબબ કામે ફરીયાદપક્ષ તરફથી તેના કેસના સમર્થનમાં નીચે મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવા રજુ કરેલા છે.

**<u>ફરીયાદપક્ષના સાહેદો:</u>**

આંક:૧૧થી સાહેદ નં.જેઠીયાભાઈ વેસ્તાભાઈને તપાસેલ છે.

આંક:૧૩થી સાહેદ નં.૨ ભંગડાભાઈ રડતીયાભાઈ રાઠવાને તપાસેલ છે.

આંક:૧૪થી સાહેદ નં.૩ રેમજીભાઈ વેસ્તાભાઈ રાઠવાને તપાસેલ છે.

આંક:૧૫થી સાહેદ નં.૪ દેવલાભાઈ છગનભાઈ રાઠવાને તપાસેલ છે.

આંક:૧૬થી સાહેદ નં.૫ સવલીબેન વેસ્તાભાઈ રાઠવાને તપાસેલ છે.

**પંચ સાહેદ:–**

ઈન્કવેસ્ટ પંચનામાના પંચ સાહેદ:

આંક:૨૪થી સાહેદ નં.૬ રાકેશભાઈ ગુલાભાઈ રાઠવા

**આરોપીની અટક પંચનામાના પંચ સાહેદ:–**

આંક:૨૬થીસાહેદ નં.૭ રાજેશભાઈ વિરસીગભાઈ રાઠવાને તપાસેલ છે.

આંક:૨૯થી સાહેદ નં.૮ બુધીયાભાઈ રામજીભાઈ રાઠવાને તપાસેલ છે.

આંક:૩૦થી સાહેદ નં.૯ શનીયાભાઈ ભીમસીંગભાઈ રાઠવાને તપાસેલ છે.

**મેડીકલ ઓફિસર:–**

આક:૩૧થી ડો. કલ્યાણ ક્રિષ્ણા પાંડેને તપાસેલ છે.

**<u>તપાસ કરનાર અમલદારનો પુરાવો:–</u>**

આંક:૩૩થી તપાસ કરનાનર અમલદાર રાજેશભાઈ શનાભાઈ બારીયા ને તપાસેલ છે.

(૧૩) સબબ કામે ફરીયાદપક્ષ તરફથી નીચે મુજબના દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવેલા છે.

**<u>::દસ્તાવેજી પુરાવો:–</u>**

આંક:૧૨થી ફરીયાદં

આંક:૧૮ ઈન્કવેસ્ટ પંચનામુ,

આંક:૧૯ મરનારના કપડા કબજે લીધાના પંચનામુ,

આંક:૨૦ લાશનુ પી.એમ. કરવા માટે કરેલી યાદી

આંક:૨૧ એકઝી.મેજીસ્ટ્રેટને લાશનુ ઈન્કવેસ્ટ ભરવા માટે કરેલી યાદી

આંક:૨૨ આરોપીના શરીરસ્થિતિના પંચનામુ,

આંક:૨૩ આરોપીની અટક કર્યાની સ્ટેશન ડાયરીમાં નોધ કરવા કરેલ યાદી

આંક:૩૨ પી.એમ.નોટ

આંક:૩૪ લાશના પી.એમ. માટે મોકલેલ તેની સાથે મોકલેલ રીપોર્ટ આંક:૩૫ ઈન્વેસ્ટીગેશન વાનના રીપોર્ટ,

આંક:૩૬ લાશ સોપ્યાની પાવતી

આંક:૩૭ લાશ સંભાળ્યાની પાવતી

આંક:૩૮ ડોકટરને લખેલી યાદી,

આંક:૩૯ ચાર્જશીટની મંજુરી માટેનો રીપોર્ટ

આંક:૪૦ એફ.એસ.એલ. રવાનગી પત્રક

આંક:૪૧ એફ.એસ.એલ. પહોંચ

(૧૪) આમ, ઉપર મુજબના દસ્તાવેજી પુરાવા ફરીયાદપક્ષ તરફથી રજુ કરવામાં આવેલા છે. ફરીયાદપક્ષ તરફથી પુરાવો પુરો થતા ફરીયાદપક્ષ તરફથી ક્રિ. પ્રો. કોડની કલમ ૩૧૩ હેઠળ આરોપીનો જવાબ લેવામાં આવેલો જેમાં આરોપીએ પોતે નિર્દોષ છે અને ખોટી રીતે સંડોવી દીધેલ છે.

(૧૫) સબબ કામે સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રી.જે.બી.પુરાણી તથા આરોપી તરફે વિ.વ.શ્રી. યુ.સી.ભટ્ટ તથા એ.એમ.ભટ્ટની વિધ્વતાભરી દલીલો સાંભળી.

(૧૬) :<u>કા ર ણો :</u>

<u>**મુદ્દૃ નં.૧ :–**</u>

સબબ કામે મુદ્દા નં.૧ને લાગે વળગે છે ત્યાં સુધી મરનારનુ અકુદરતી મૃત્યુ થયેલુ છે તે બાબતે આરોપી તરફે કોઈ તકરાર નથી. તે ઉપરાંત આંક:૩૧ના સાહેદ

આંક:૩૨ની પી.એમ.નોટ, ઈન્કવેસ્ટ પંચનામુ, વિગેરે જોતાં મરનારનુ અકુદરતી મૃત્યુ થયેલુ હોય ક્રિમીનલ કેસ ન.૪૬/૧૭ અને ક્રિમીનલ કેસ નં.૧૯/૧૮ના કામે મુદ્દા નં.૧નો જવાબ ''હકારમાં '' આપુ છુ.

(૧૭) **મુદ્દા નં.૨**

સબબ કામે વિધ્વાન સરકારી વકીલશ્રી તેમની વિધ્વતાભરી દલીલોમાં જણાવેલ છે કે, આ કામના આરોપી નં.૨ ની માલીકીની બંદુક આરોપી નં.૧ મકન નાએ મર્હુમ ઉપર માત્ર નજીવા કારણોસર ભડાકો કરી અને મારી નાખેલ છે. ફરીયાદપક્ષ તરફથી તપાસવામાં આવેલા આંક:૧૬ના સાહેદ નં.૫ નાએ પણ આરોપી મકને તેના પતિ ઉપર બંદુક ફોડેલાનુ જણાવે છે. મરનારનુ મૃત્યુ પણ બંદુકના ભડાકાના કારણે થયેલી ઈજાના કારણે થયેલી છે. તપાસ કરનાર અમલદારની જુબાનીમાં કોન્ટ્ર ાડીકશન અનેઓમીશન પુરવાર કરવામાં આવેલ છે આ કામના આરોપીએ પોતાના કબજામાં ગેરકાયદેસર રીતે હથીયાર રાખેલ હોય, ફરીયાદપક્ષ તરફથી કાયદેસરની મંજુરી પુરવાર કરેલી હોય, આ સંજોગોમાં આરોપીને સખતમાં સખત સજા કરી તકસીરવાન ઠરાવવા અરજ કરેલી છે.

સબબ કામે આરોપીના વિધ્વાન વકીલશ્રી એ.એમ.ભટ્ટ તેમની વિધ્વતાભરી દલીલોમાં જણાવેલ છે કે, ફરીયાદપક્ષ તરફથી તપાસવામાં આવેલા સાહેદોનો પુરાવો જોતાં આરોપી મકન વિરુધ્ધ કોઈ પુરાવો નથી. ફરીયાદી અને અન્ય સાહેદો ફરીયાદપક્ષની હકિકતને સમર્થન આપતા નથી જયારે આંક:૧૬ના સાહેદ નં.૫ તેઓ નજરે જોનાર સાહેદ નથી. તે ઉપરાંત વધુમાં જણપાવેલ છે કે, ફરીયાદપક્ષ તરફથી આરોપી વિરુધ્ધનો આર્મસ એકટનો ગુનો પુરવાર કરવામાં આવેલો નથી તે સંજોગોમાં આરોપી વિરુધ્ધ કોઈ પુરાવો ન હોય આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ કરેલી છે.

(૧૮) સબબ કામે આરોપી તરફેવિધ્વાન વકીલશ્રી યુ.સી.ભટ્ટ તેમની વિધ્વતા

ભરી દલીલોમાં જણાવે છે કે, આરોપી નં.૨ સામે કોઈ પુરાવો નથી, તદ્દન ખોટી રીતે સંડોવી દીધેલા છે તેહકિકત ધ્યાને લઈ તથા રજુ કરેલા પુરાવાનુ મુલ્યાંકન કરી આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ કરેલ છે. વધુમાં આરોપીના વિધ્વાન વકીલશ્રી જણાવે છે કે, આરોપી કાયદેસર રીતે બંદુકનુ લાયસન્સ ધરાવે છે ગુનામાં વપરાયેલ ન હોવા છતાં ખોટી રીતે ગુનાના કામે હથિયાર કબજે લીધેલ છે અને આરોપીને ખોટી રીતે ગુનાના કામે સંડોવી દીધેલ છે.

(૧૯) મુદ્દા નં.૨ ને લાગે વળગે છે ત્યાં સુધી ફરીયાદપક્ષ પોતાનો કેસ સાબીત કરવા માટે જુદા જુદા હેડે જુદા જુદા સાહેદો તપાસવામા આવેલા છે અને સગવડતા ખાતર ફરીયાદપક્ષ તરફેથી તપાસવામાં આવેલા સાહેદોના પુરાવાનુ યોગ્ય રીતે મુલ્યાંકન થઈ શક તે માટે જુદા જુદા હેડ હેઠળ સાહેદોની જુબાનીની યોગ્ય જગ્યાએ ચર્ચા કરવામાં આવેલી છે.

(૨૦) **ફરીયાદીનો પુરાવો:-**

સબબ કામે આંક:૧૧થી તપાસવામાં આવેલા સાહેદ નં.૧ મરનારના પુત્ર થાય છે તેઓ તેમની સોગંદપુર્વકની જુબાનીમાં જણાવેલ છે કે '' અમે બે ભાઈઓ છીએ, જેમાં સૌથી મોટો હુ છુ મારાથી નાનો જેન્તીભાઈ છે, મારા પિતા વેસ્તાભાઈ મરણ ગયેલ છે ,મારા બાપાનુ ખુન થયેલુ અને ફાયરીંગમાં તે મૃત્યુ પામેલા. હુ જયારે મારા બાપા ઉપર ભડાકો થયો ત્યારે ઘરે હતો. મે બનાવ જોયેલો નથી. આ ભડાકો કોને કરેલો તેની મને ખબર નથી. હુ કુલીયા મોહનીયા રાઠવાને ઓળખુ છુ, તેમના ઘરે પાણગાનો તહેવાર હતો. તેમાં મારા બાપા ગયેલા અને ત્યાં ફાયરીંગ થયેલુ. મે તે બાબતે ફરીયાદ આપેલી તે સિવાય હુ કંઈ જાણતો નથી. મને એ વાતની ખબર નથી કે કુલીયાને ત્યાં પાણગાનો પ્રસંગ રાત્રે હતો, તે વખતે નાચગાન થતુ હતુ, ઢોલ વાગતા હતા અને તેમાં બોલાચાલી થયેલી. એવુ પણ બનેલ નહી કે મારા બાપાએ બંદુક

લઈને નાચનારને અટકાવેલો અને કેમ બંદુક લઈને નાચે છે બંદુક મુકી દે તેમ કહેતા તેના ઉપર બંદુકનો ભડાકો કરી દીધેલો. મે મારા બાપ ઉપર ફાયરીંગ થયેલ તે બાબતે ફરીયાદ આપેલી તેફરીયાદ આ કામે આંક: ૧૨થી રેકર્ડ ઉર લેવામાં આવેલી છે.

મચકુર સાહેદને ફરીયાદપક્ષ તરફથી ફરીગયેલા સાહેદ જાહેર કરવામાં આવેલા છે વિગતવારની ઉલટ તપાસ કરવામાં આવેલી  છે પરંતુ ફરીયાદપક્ષની હકિકતને સમર્થન આપતા નથી.

(૨૧)  સબબ કામે ફરીયાદપક્ષ તરફથી તપાસવામાં આવેલા આંક:૧૪ના સાહેદ નં.૩ તેમની સોગંદપુર્વકની જુબાનીમાં જણાવેડલ છે કે, અમે બે ભાઈઓ છે , મારા બાપાનુનામ વેસ્તો છે, મારા મોટાભાઈનુ નામ જેઠો છે, મારા બાપા વેસ્તા ઉપર ફાયરીંગ થયેલુ તે ફાયરીંગ મકને કરેલુ, કોર્ટમાં આરોપી હાજર છે તેજ છે. હુ બનાવ વખતે નંદેસરી ખાતે કડીયાકામ માટે ગયેલો, મારા મોટાભાઈએ ફોન કરેલો અને બનાવની જાણ મને કરેલી.  મારા ભાઈએ ફોનમાં એવુ કહેલુ કે , મારા બાપા ઉપર ફોન કરેલ છે, તેવુ કહેલુ તેને મને મકને ફાયર કરેલુ તેવુ કીધેલુ. સદર સાહેદ વધુમાં જણાવ છેકે, ફોન ઉપર મને એવુ કહેલુ કે બાપા કુલીચાના ઘરે મેળામાં સવારમાં ગયેલા અને પાળી ઉપર બેઠેલા હતા અને પાળી ઉપર મારા બાપાની સાથે ભંગડો અને દેવલો બન્ને બેઠેલા હતા અને બાકીના લોકો મેળામાં નાચતા હતા. તે કેવી રીતે નાચતા હતા તે મને ખબર નથી અને ફાયરીંગના સમાચાર સાંભળી ફટાફટ મોટર સાયકલ લઈને નંદેસરીથી ઘરે આવતો રહેલો. મને ફોન ઉપર મારા ભાઈએ મકને ફાયર કરેલુ એટલુ કહેલુ. પોલીસે મારો જવાબ લીધેલો.

મચકુર સાહેદની આરોપી તરફે ઉલટ તપાસ કરવામાં આવેલી છે તે ઉલટ તપાસમાં જણાવે છે કે, તે વાત ખરી છે કે, મને મારા ભાઈએ એવુ કહેલુ કે બાપા મરી ગયા છે. એ વાત ખરી છે કે,  કેવી રીતેમરી ગયેલા છે તેવી વાત મને કરેલી નહી.

**<u>મરનારનારની પત્નીનો પુરાવો:</u>**

(૨૨) સસબ કામે આંક:૧૬થી તપાસવામા આવેલા સાહેદ નં.પ તેની સોગંદ પુર્વકની જુબાનીમાં જણાવેલ છે કે, બનાવ આશરે બે વર્ષ પહેલાં બનેલો હુ ખેતરે ગયેલી અને મારા ગામમાં ભુલીયાભાઈ મોહનભાઈ રાઠવાના ઘરે પાણગાનો પ્રસંગ રાખવામા આવ્યો હતો અને પ્રસંગમાં બઘા ભેગા થયેડલ હતા અને ગામના બઘા માણસો ઢોલ વગાડી નાખતા હતા તેવખતે વેસ્તો પણ પાણગામાં ગયેલો તે વખતે મકને મારા ઘણી ઉપર બંદુક ફોડી દીઘેલ. આ મકન કોર્ટમાં હાજર છે તે જીછે. મારા ઘણીએ કોઈ ઝગડો કરેલો નહી પણ રમતા રમતા ફોડી દીઘેલ. પોલીસ આવેલી અને ઘરના માણસોની પુછપરછ કરેલી.

મચકુર સાહેદની આરોપી તરફે ઉલટ તપાસ કરેલી છે તે ઉલટ તપાસમાં જણાવે છે કે, તે વાત ખરી છે કે, હુ ખેતરેથી આવી ત્યારે લોકોએ મને વાત કરેલી.

**સ્વતંવ સાહેદનો પુરાવો:-**

(૨૩) સબબ કામે ફરીયાદપક્ષ તરફથી તપાસવામાં આવેલા આંક:૧૩ના સાહેદ નં.ર તેમની સોગંદ પુર્વકની જુબાનીમાં જણાવેલ છેકે, બનાવના દિવસે કુલીયાના ઘરે પાણગુહતુ તે વખતે હુ મારા ખેતરે હતો, અને તેના ઘરે ગયેલો નહી. પરંતુ ત્યાં ભડાકો થયેલો તેવુ સાંભળવા મળેલુ. મર્હુમ વેસ્તાભાઈ ઉપર કોઈએ ભડાકો કરેલો તે મારા કાકા બાબાનો દિકરો થાય છે. આ ભડાકો કોણે કરેલો તે મને ખબર નથી. હુ વેસ્તાની જોડે બેઠેલ હતો નહી. અને ભડાકો થયો ત્યારે હુ ત્યા હતો નહી. એવુ પણ બનેલ નહી કે પાણગામાં આ કામના આરોપી બંદુક લઈને નાચતા હતા ત્યારે મારા કાકાના છોકરાએ તુ બંદુક લઈને કેમ નાચે છે તેમ કહેતાં તેનુ વેર રાખી વેસ્તા ઉપર આરોપીએ વહેલી સવારે ભડાકો કરેલો. તે સિવાય હુ કંઈ જાણતો નથી.

મચકુર સાહેદને ફરીયાદપક્ષ તરફથી ફરીગયેલા સાહેદ જાહેર કરવામાં આવેલા છે અને વિગતવારની ઉલટ તપાસ કરવામાં આવેલી છે પરંતુ ફરીયાદપક્ષની

હકિકતને સમર્થન આપતા નથી.

(૨૪) ફરીયાદપક્ષ તરફથી તપચાસવામાં આવેલા આંક:૧૫ના સાહેદ નં. ૪ તેમની સોગંદ પુર્વકની જુબાનીમાં જણાવે છે કે, મર્હુમ વેસ્તાને હુ ઓળખુ છુ. બનાવાના દિવસે કુલીચાના ઘરે પાણગામાં ગયેલો અને ખેતરના શેઢા ઉપર બેઠેલ હતો ત્યારે તેની ઉપર ફાયરીંગ કરેલુ , કોને કરેલુ તે જોયેલ નહી કે મને ખબર પડેલ નહી. ફાયરીંગના કારણે વેસ્તાને દવાખાનામાં લઈ જતાં રસ્તામાં મરણ થયેલુ. એવુ બનેલુ નહી કે બનાવ વખતે વેસ્તો, ભંગડો અને હુ બેઠેલા હતા તે વખતે આ કામના આરોપીએ ભડાકો કરેલો. પોલીસે મારો જવાબ લીધેલો.

મચકુર સાહેદને ફરીયાદપક્ષ તરફથી ફરીગયેલા સાહેદ જાહેર કરવામાં આવેલા છે અને વિગતવારની ઉલટ તપાસ કરવામાં આવેલી છે વિગતવારની ઉલટતપાસ કરવામાં આવેલી છે પરંતુ ફરીયાદપક્ષની હકિકતને સમર્થન આપતા નથી.

(૨૫) **ઈન્કવેસ્ટ પંચનામાના પંચ સાહેદનો પુરાવો:-**

સબબ કામે ફરીયાદપક્ષ તરફથી તપાસવામાં આવેલા આંક:૨૪ના સાહેદ નં.૬ તેની સોગંદ પુર્વકની જુબાનીમાં જણાવેલ છે કે, આશરે બે વર્ષ પહેલાં પોલીસે મને રેફરલ હોસ્પીટલ છોટાઉદેપુર માં બોલાવેલો મારી સાથે બીજો પ્રતાપભાઈ હતો અને પોલીસે મને તૈયાર કરેલા કાગળમાં સહી કરવા જણાવેલ અને મે સહી કરેલી. મને આંક:૧૮ ઈન્કવેસ્ટપંચનામુ બતાવવામાં આવે છૈ તે જોઈને કહુ છુ કે તેમાં મારી સહી છે તેસિવાય હુ કંઈ જાણતો નથી. એવુ બનેલુ નહી કે , મરનાર વેસ્તાની લાશ અમો પંચો રુબરુ તેના દિકરા જેઠીયાએ ઓળખી બતાવેલી.

મચકુર સાહેદને ફરીયાદપક્ષ તરફથી ફરીગયેલા સાહેદ જાહેર કરવામાં આવેલા છે અને વિગતવારની ઉલટ તપાસ કરવામાં આવેલી છે પરંતુ ફરીયાદપક્ષની હકિકતને સમર્થન આપતા નથી.

આરોપીની શરીરસ્થિતિના પંચ સાહેદ :–

(૨૬) સબબ કામે ફરીયાદપક્ષ તરફથી તપાસવામા આવેલા આંક:૨૬ના સાહેદ નં.૭ તેની સોગંદપુર્વકની જુબાનીમાં જણાવેલ છે કે, આશરે એક વર્ષ પહેલાં મને તથા બીજા બે વ્યકિતઓનેપોલીસ સ્ટેશને બોલાવેલા મારી સાથે હાજર બે વ્યકિતઓને હુ ઓળખતો નથી. પોલીસે મને તૈયાર લખેલા કાગળમાં સહી કરવાનુ કહેતાં મે સહી કરેલી, પોલીસે મને એક વખત બોલાવેલ અને મારી બે કાગળમાં સહી લીધેલી. જેમાં પ્રથમ વખતની સહી વાળુ આરોપીની શરીરસ્થિતિનુ પંચનામુ છે, જે આ કામે આંક:૨૭થી રેકર્ડ ઉપર લેવામાં આવેલ છે ત્યારબાદ બીજુ પંચનામુ આરોપીના ઘરેથી મુદ્દામાલ હથિયાર કબજે કર્યા બાબતનુ છે જે આ કામે આંક:૨૮થી રેકર્ડ ઉપર લેવામાં આવેલ છે. મચકુર સાહેદ વધુમાં જણાવેલ છે કે, એવુ બનેલ નહી કે મારી રુબરુ કોઈ વ્યકિત હાજર હોય અને તેની શરીરસ્થિતિનુવિગતવારનુપંચનામુ કરેલુ હોય એવુ બનેલ નહી કે પોલીસ તેમને કોઈ જગ્યાએ લઈ ગયા હોય અને ત્યાંકોઈ વ્યકિત એક ઘરમાંપ્રવેશ કરીને મારી રુબરુ એક નાળી વાળી બંદુક કબજે કરેલ હોય.

મચકુર સાહેદને ફરીયાદપક્ષ તરફથી ફરીગયેલા સાહેદ જાહેર કરવામાં આવેલા છે અને વિગતવારની ઉલટ તપાસ કરવામાં આવેલી છે પરંતુ ફરીયાદપક્ષની હકિકતને સમર્થન આપતા નથી.

(૨૭) સબબ કામે ફરીયાદપક્ષ તરફથી તપાસવામાં આવેલા આંક:૨૯ના સાહેદ તેની સોગંદપુર્વકની જુબાનીમાં જણાવેલ છે કે, આશરે એક વર્ષ પહેલા મને તથા બીજા વ્યકિતઓનેપોલીસ સ્ટેશને બોલાવેલા, મારી સાથે હાજર વ્યકિતઓને ઓળખતો નથી. પોલીસે મને તૈયાર લખેલા કાગળમાં અંગુઠો કરવાનુ કહેતાં મે અંગુઠો કરેલો. જે પંચનામુ આરોપીના ઘરેથી મુદ્દામાલ હથિયાર કબજે કર્યાનુ પંચનામુ કરેલુ જેમાં પંચ નં.૨ તરીકે સહી કરેલી જે આ કામે આંક:૨૮થી રજુ છે તેજ છે. એવુ પણ બનેલ નહી કે આ પોલીસ અમને કોઈ જગ્યાએલઈ ગયા હોય અને ત્યાં કોઈ વ્યકિતએ એક ઘરમાં પ્ર

વેશ કરીને મારી રુબરુ એક નાળી વાળી બંદુક કબજે કરેલ હોય.

મચકુર સાહેદને ફરીયાદપક્ષ તરફથી ફરીગયેલા સાહેદ જાહેર કરવામાં આવેલા છે અને વિગતવારની ઉલટ તપાસ કરવામાં આવેલી છે પરંતુ ફરીયાદપક્ષની હકિકતને સમર્થન આપતા નથી.

(૨૮) સબબ કામે તપાસવામાં આવેલા આંક:૩૦ના સાહેદનં.૯ તેની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, આશરે એક વર્ષ ઉપર પોલીસ સ્ટેશનમાં બોલાવેલા મારી સાથે હાજર બે વ્યકિતને હુ ઓળખતો નથી. પોલીસે મને તૈયાર લખેલા કાગળમાં સહી કરવાનુ જણાવતાં મુે સહી કરેલી, પોલીસે મને એક વખત બોલાવેલ અને મારી તૈયાર કાગળમાં સહી લીધેલી આંક:૨૭ના પંચનામામાં તેઓની સહી હોવાનુ જણાવે છે. એવુ બનેલ નહી કે મારી રુબરુ કોઈ વ્યકિત હાજર હોય અને તેની શરીરસ્થિતનુ પંચનામુ કરેલુ હોય.

મચકુર સાહેદને ફરીયાદપક્ષ તરફથી ફરીગયેલા સાહેદ જાહેર કરવામાં આવેલા છે અને વિગતવારની ઉલટ તપાસ કરવામાં આવેલી છે પરંતુ ફરીયાદપક્ષની હકિકતને સમર્થન આપતા નથી.

(૨૯) <u>મેડીકલ સાહેદનો પુરાવો:–</u>

સબબ કામે ફરીયાદપક્ષ તરફથી તપાસવામાં આવેલા સાહેદ નં.૧૦ તેની સોગંદપુર્વકની જુબાનીમાં જણાવેલ છે કે,હુ સને:૨૦૧૫માં પાદરવાંટ પી.એચ.સી.માં મેડીકલ ઓફિસર તરીકે હાજર થયેલ હતો. તા:૧૫/૫/૨૦૧૬ ના રોજ છોટાઉદેપુર પોલીસ સબ ઈન્સ્પેકટર આર.એસ.બારીયા નાઓ મારી રુબરુમાં સાંજના ચાર કલાકે છોટાઉદેપુર જનરલ હોસ્પીટલની યાદી સાથે મારી રુબરુમાં મૃતક વેસ્તાભાઈ રાજોડીયાભાઈ રાઠવા રહે:નવાગામ નાઓનુ પોસ્ટમોર્ટમ કરવા માટે તેમના દિકરા જેઠીયાભાઈ વેસ્તાભાઈ સાથે લાવવામાં આવેલા. સદર ડોકટર સાહેદ કલ્યાણભાઈએ વધુમાં જણાવેલ છે કે, મે લાશનુ સબ પરિક્ષણ ૪.૧૫ વાગે શરુ કરી

અને ૬.૦૦ વાગે પુરુ કરેલુ. મને સબ પરીક્ષણમાં નીચે મુજબના પરીક્ષણો માલુમ પડેલા. તેઓએ બાહય પરીક્ષણો કરતાં **૧)**મૃતકના શરીર ઉપર અડધી બાંયનુ સફેદ કલરનુ શર્ટ અને સફેદ કલરની ધોતી અને સફેદ રલરની બનીયાન પહેરેલુ હતુ. કપડા ઉપર લોહીન ડાઘ હતા.૨) લાશ જોતાં શરીર જકડાઈ જવાની પ્રક્રિયા પૂર્ણ થઈ ગયેલી હતી. ૩)પીઠના પાછળના ભાગે પી.એમ. લીવીડીટીની હાજરી હતી. અને મૃતકના પીઠના ભાગે કાળા ડાઘા પડી ગયેલ હતા. ૪) મૃતકની બન્ને આંખો અર્ધખુલ્લી હતી અને મોઢુ બંધ હતુ. ૫)મૃતકના શરીરના જનેન્દ્રીયો ઉપર કોઈ ઈજાઓના નિશાન ન હતા. મૃતકના શરીરના બાહય ભાગ ઉપર જે ઈજાના નિશાનો હતા તે નીચે મુજબ છે. **૧)** મૃતકની છાતીના ત્રીજી અને પાંચમી પાંસળીની વચ્ચે ડાબી સાઈડે એક કાળા ધબ્બાનુ ૦.૫ સે.મી.નુ નિશાન હતુ. ૨)બગલની નીચે નવ અને દશમી પાંસળીની વચ્ચે ૦.૫ સેમી.નો કાળા રંગનો ધબ્બો હતો. ૩)ડાબા હાથના બાવળા ઉપર પણ ૦.૫ સે.મી.નો કાળા રંગનો ધબ્બો હતો. ૪) ડાબા પગની જાંઘ ઉપર પણ ૦.૫ સ ે.મી.નો એક કાળો ધબ્બો હતો. અને આ બધી ઈજાઓ મૃત્યુ પહેલાંની હતી.

સદર ડો. સાહેદ કલ્યાણભાઈ વધુમાં જણાવેલ છે કે, તેઓએ આંતરીક તપાસ કરતાં ૧)મૃતકની આંતરીક તપા કરતાં માથાના ભાગે કે ખોપડીના ભાગે કોઈ ઈજા જણાયેલ નહી. ૨) મૃતકની પાંસળી નં.૪,૫,૮,૯ અને ૧૦ માં ફ્રેકચર હતુ. ૩) ડાબી સાઈડના ફેફસાની અંદર વચ્ચો વચ લોહી ભરાઈ ગયેલુ હતુ અને તેમાં કાણાં થઈ ગયેલા હતા. ૪) હૃદયના બન્ને લેયરમાં લોહીનો ભરાવો થઈ ગયેલો અને હૃદયમાં પણ ઈજાના નિશાનો હતા. મૃતકનુ મૃત્યુ આ ઈજાઓના કારણે લોહી વહી જવાના કારણે થયેલુ. મૃતકને જે ઈજાઓ થયેલી તે જોતાં બાર બોરની બંદુકથી ફાયરીંગ કરવામાં આવે તો તેના છરાઓના કારણે આ ઈજાઓ થઈ શકે. મે શબ પરીક્ષણ કર્યા બાદ મારા હસ્તાક્ષરમાં ફલીમ નોટસમાં વિગતો ભરેલી જેમાં મે નીચે સહી કરેલી. મારી સાથેના પેનલ ડોકટર તરીકે ડો. સતીષકુમાર સી.એચ.સી. છોટાઉદેપુંર

નાએ પણ સહી કરેલી જે પી.એમ. નોટ આ કામે આંક:૩૨થી રેકર્ડ ઉપર લેવામાં આવેલ છે.

(૩૦) **<u>તપાસ કરનાર અમલદારનો પુરાવો:–</u>**

સબબ કામે આંક:૩૩ના સાહેદ નં.૧૧ રાજેશભાઈ શનાભાઈ બારીયા તેમની સોગંદપુર્વકની જુબાનીમાં જણાવેલ છે કે,તેઓ સને ૨૦૧૬માં છોટાઉદેપુર છોટાઉદેપુર પોલીસ સ્ટેશનમાં પી.આઈ. તરીકે મારી ફરજ બજાવતો હતો. તે દરમ્યાન તા:૧૫/૫/૨૦૧૬ના રોજ ફરીયાદી જેઠીયાભાઈ વેસ્તાભાઈ રાઠવા નાઓએ તેઓના ગામમાં પાંણગાના તહેવારની ઉજવણી દરમ્યાન આરોપી મકનભાઈ ઉધીયાભાઈ રાઠવા નાઓએ બંદુક વડે ફરીયાદીના પિતા ઉપર ફાયરીંગ કરી મૃત્યુ નિપજાવેલ. તે મતલબની વિગતવાર ફરીયાદ મરી રુબરુમાં આપતાં મે ફરીયાદીના લખાવ્યા મુજબ ફરીયાદ લખી લીધેલી. અને તેમાં ફરીયાદીનો અંગુઠો લીધેલો જે ફરીયાદ આ કામે આંક:૧૨થી રજુ છે. તેજ છે, તપાસ અધિકારી રાજેશભાઈ વધુમાં જણાવેલ છે કે, ત્યારબાદ આ ગુનાની તપાસ મે સંભાળેલી તેમાં તપાસ દરમ્યાન સૌપ્રથમ સદર ગુનાવાળી જગ્યાનુ બે પંચો રુબરુ પંચોના લખાવ્યા અનુસાર વિગતવારનુ પંચનામુ કરેલુ, તે પંચનામુ આ કામે આંક:૧૭થી રજુ છે અને તેમાં રુબરુ તરીકે મરી સહી છે જે હુ ઓળખુ છુ. ત્યારબાદ આ ગુનાના કામે મૃતકની લાશનુ ઈન્કવેસ્ટ પંચનામુ બે પંચો રુબરુ પંચોના લખાવ્યા મુજબ વિગતવારનુ કરેલુ તે પંચનામુ આ કામે આંક:૧૮થી રજુ છે તેજ છે તેમાં રુબરુ તરીકે મારી સહી છે. ત્યારબાદ મરણજનારના કપડા કબજે કરવા બાબતનુ પંચનામુ બે પંચો રુબરુ પંચોના લખાવ્યા અનુસાર વિગતવારનુ કરેલુ જે પંચનામુ આ કામે આંક:૧૯થી રજુ છે તેમાં રુબરુ તરીકે મારી સહી છે તેજ છે.ત્યારબાદ તપાસના કામે મૃતકની લાશનુ પોસ્ટમોર્ટમ કરવા માટે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ઝોઝ(ડોલરીયા)ના મેડીકલ ઓફિસરને યાદી કરેલી. તે યાદી આંક:૨૦થી રજુ છે. ત્યારબાદ મૃતકની લાશનુ ઈન્કવેસ્ટ ભરવા બાબતે એકઝી.મેજીસ્ટ્રેટ છોટાઉદેપુર

નાઓને ચાદી કરેલી જે ચાદી આ કામે આંક:૨૧થી રજુ છે તેમાં મારી સહી છે. ત્યારબાદ પોસ્ટમોર્ટમ માટે મોકલાતી લાશની સાથે મેડીકલ ઓફિસરને મોકલવાનો રીપોર્ટ તૈયાર કરેલો. જે રીપોર્ટ આ કામે આંક:૩૪થી રેકર્ડ ઉપર લેવામાં આવેલ છે,ત્યારબાદ મૃતકની લાશનુ પી.એમ.રીપોર્ટ તપાસના કામે મેળવેલ જે પી.એમ. રીપોર્ટ આંક:૩૨થી રજુ છે તેજ છે. તપાસના કામે બનાવના સ્થળની મુલાકાત માટે એફ.એસ.એલ. ઈન્વેસ્ટીગેશનના ઓફિસરે કરેલ રીપોર્ટ મેળવેલો. જે રીપોર્ટ આંક:૩૫થી ,ત્યારબાદ મૃતકની લાશ તેના વારસને સોંપ્યા સબંધે પાવતી છોટાઉદેપુર પોલીસે આપેલી જે પાવતી આંક:૩૬થી, ત્યારબાદ મૃતકના વારસે લાશ સંભાળ્યાની પાવતી લખી આપેલી જે પાવતી છોટાઉદેપુર પોલીસમાં રજુ કરેલી તે પહોંચ આંક:૩૭થી રેકર્ડ ઉપર લેવામાં આવેલ છે.

તપાસ અધિકારી રાજેશભાઈ વધુમાં જણાવેલ છે કે, તપાસ દરમ્યાન આ કામના આરોપી મળી આવતાં આ કામના આરોપી મકનભાઈ ઉંધીચાભાઈ નાઓ મળી આવતાં આરોપીની શરીરસ્થિતિ અને કપડા કબજે કર્યા બાબતનુ પંચનામુ બે પંચો રુબરુ વિગતવારનુ પંચોના લખાવ્યા અનુસાર કરેલુ. જે પંચનામુ આંક:૨૨થી રજુ છે તેમાં રુબરુ તરીકે મારી સહી છે. ત્યારબાદ આરોપીની અટકની સ્ટેશન ડાયરીમાં નોંધ કરવા બાબતનો રીપોર્ટ કરેલો જે રીપોર્ટ આ કામે આંક:૨૩થી રજુ છે તેમાં મારી સહી છે. ત્યારબાદ તપાસના કામે આરોપીની મેડીકલ તપાસની કરી બ્લડ સેમ્પલ મેળવી સ ર્ટીફીકેટ આપવા બાબતે છોટાઉદેપુર મેડીક ઓફિસરને ચાદી કરેલી જે ચાદી આંક:૩૮થી રેકર્ડ ઉપર લેવામાં આવેલ છે. ત્યારબાદ આ કામના આરોપી વિરુધ્ધમાં ઈ.પી.કોડની કલમ-૩૦૨, તથા આર્મસ એકટની કલમ-૨૫(૧) (બી), ૨૭(૧), મુજબનો ગુનો બનતો હોચ અને ચાર્જશીટ કરવા માટે મંજુરી મેળવવાની હોચ ચાર્જશીટ કરવા માટે મંજુરી મેળવવા બાબતે અમારા પછીના તપાસ કરનાર અમલદાર પી.એસ.આઈ.શ્રી આર.એસ.પટેલ નાઓએ રીપોર્ટ કરેલો જે રીપોર્ટ જેમાં

પી.એસ.આઈ.શ્રી આર.એસ.પટેલ નાઓની સહી છે જે હુ ઓળખુ છુ, જેને દાખલ આંક:૩૯ થી રેકર્ડ ઉપર લેવામાં આવેલ છે તેમજ તેમની તપાસ દરમ્યાન સદર ગુનાના કામે કબજે કરેલ મુદ્દામાલ એફ.એસ.એલ. માં તપાસણી માટે મોકલેલો જે એફ.એસ.એલ. રવાનગી પત્રક જેમાં તેમની સહી છે જે આંક:૪૦થી તથા ત્યારબાદ એફ.એસ.એલ. પહોંચ આ કામે આંક:૪૧ થી રેકર્ડ ઉપર લેવામાં આવેલ છે,

મચકુર તપાસ અધિકારી રાજેશભાઈ વધુમાં જણાવેલ છે કે, તેમની તપાસ દરમ્યાન આ ગુનાના કામે વપરાયેલ કબજે કર્યાનુ પંચનામુ કરેલુ જે આંક:૨૮થી રજુ છે તેજ છે. અને કબજે કરેલ મુદ્દામાલ એફ.એસ.એલ.માં તપાસણી માટે મોકલેલો તેની રવાનગી નોંધ હુ અત્રે રજુ કરુ છુ તેને આંક:૪૨થી રેકર્ડ ઉપર લેવામાં આવેલ છે. તેમની તપાસ દરમ્યાન આંક:૧૧ના સાહેદની ફરીયાદ લીધેલી તેમને મારી રુબરુની ફરીયાદમાં લખાવેલ છે કે, વહેલી સવારના આશરે છ વાગ્યાના સુમારે હુ તથા મારા પિતા મારા કુટુંબી બાબા ભંગડાભાઈ રડતીયાભાઈ રાઠવા એ રીતના અમો ત્રણે જણા આ કુલીયાના ઘર આગળ પાંગણામાં આવેલા. આ વખતે પાણગામાં બધા માણસો નાચતા હતા અને અમારા ગામના પટેલ ફળીયામાં રહેતા મકન ઉંધીયા રાઠવા નાઓ હાથમાં બંદુક લઈ મેળામાં નાચતા હતા. જેથી આ મકનભાઈ નાઓને મારા પિતાએ જણાવેલ કે મેળામાં એકલો બંદુક લઈને ઉચી કરી કેમ નાચે છે ? તું બંદુક મુકી દે. તેમ જણાવતા આ મકનભાઈ નાઓએ તુ મને બંદુક મુકાવનાર કોણ છે, હુ બંદુક મુકવાનો નથી તેમ કહી બોલાચાલી કરેલી, જેથી મારા પિતા ખેતરના શેઢા ઉપર બેઠેલ. મારા બાબા ભંગડાભાઈ રડતીયાભાઈ રાઠવા તથા દેવલાભાઈ છગનભાઈ રાઠવા નાઓ બેઠેલ હતા ત્યાં જઈને બેસી ગયેલ અને આ મકનભાઈ નાઓ હાથમાં બંદુક લઈને નાચતા હતા ત્યારબાદ સવારના આશરે સાતેક વાગેના સુમારે મકનભાઈ નાઓ નાચતા નાચતા મારા પિતા શેઢા ઉપર બેઠેલ હતા તેના ઉપર હાથ માંની બંદુક નો ભડાકો કરેલ. અને મારા પિતા ત્યાંજ શેઢા ઉપર બેઠા હતા ત્યાં ઢળી પડેલ હતા. તેથી

અમો બધા અમારા પિતાને જોતાં છાતીમાં ડાબી બાજુએ તથા ડાબા પગના ઘુટણ તથાનળા ઉપર  બંદુકના છરાઓ વાગેલ હતા અને બેભાન થઈ ગયેલ હતા. આ મકનભાઈ નાઓ ત્યાંથી બંદુક લઈને જતો રહેલ હતો અને મારા પિતાને તથા અમારા ગામના સરપંચ રામલાભાઈ મનજીભાઈ રાઠવા તથા ભારીયાભાઈ ભીમસીંગભાઈ રાઠવા નાઓ સાથે ખાનગી વાહનમાં બેસાડી છોટાઉદેપુર સરકારી દવાખાને સારવાર માટે લઈ આવેલા. દરમ્યાન રસ્તામાં મારા પિતા મરણ જતા અમો લાશને  પરત અમારા ગામ નવાગામ ખાતે લઈને જતા રહેલા. અમારા ગામના સરપંચ રામલાભાઈએ પોલીસને જાણ કરેલી અને મે ફરીયાદ આપેલી તે વાત ખરી ની કે આરોપી જોડે સમાધાન થઈ ગયેલ હોય તેને બચાવવા ખોટી જુબાની આપુ છુ.

મચકુર તપાસ અધિકારી જણાવેલ છે કે, મે આંક:૧૩ના સાહેદ નં. ૨ નુ નિવેદન લીધેલુ તેમને મારી રુબરુના નિવેદનમાં લીખાવેલ છે કે,સવારના છ વાગ્યાના અરસામાં હુ તથા દેવલાભાઈ તથા વેસ્તાભાઈ તથા ભુરીયાભાઈ પાણ ગામાં બેઠલ હતા અને બધા માણસો નાચતા કુદતા હતા અને અમારા ગામના પટેલ ફળીયામાં રહેતા મકનભાઈ ઉધલાભાઈ રાઠવા બંદુક લઈને નાચતો હતો જેથી મકનભાઈને વેસ્તાભાઈએ જણાવેલ કે તુ બંદુક ઉચી કરીને કેમ નાચે છે બંદુક મુકી દે, તેમ જણાવતા મકનભાઈ જણાવેલ કે તુ મને બંદુક મુકાવનાર કોણ છે હુ બંદુક મુકવાનો નથી તેમ કહી બોલાચાલી કરેલ. અને પછી હુ, વેસ્તાભાઈ અને  બચલાભાઈ અને દેવલો ખેતરના શેઢ ે બેસી ગયેલ અને આ મકન હાથમાં બંદુક લઈને નાચતા નાચતા વેસ્તાભાઈને શેઢા ઉપર બેઠેલ હતા ત્યાં ભડાકો કરેલ અને વેસ્તાભાઈ ત્યાં ઢળી પડેલ અને વેસ્તાભાઈને છાતીમાં ડાબી બાજુ  તથા ડાબા પગના ઘુટણીએ તથા નળા ઉપર બંદુકના છરા વાગેલા અને દવાખાને લઈ જતા રસ્તામાં મૃત્યુ પામેલ. તે વાત ખરી ની કે આરોપી જોડે સમાધાન થઈ ગયેલ હોય તેને બચાવવા ખોટી જુબાની આપુ છુ. મે આંક:૧૫ના સાહેદ નં.૪નુ નિવેદન લીધેલુ તેમને મારી રુબરુના નિવેદનમાં લખાવેલ

છે કે, સવારના છ વાગ્યાના અરસામાં હુ તથા ભંગડાભાઈ તથા વેસ્તાભાઈ તથા ભુરીયાભાઈ પાણગામાં બેઠલ હતા અને બધા માણસો નાચતા કુદતા હતા અને અમારા ગામના પટેલ ફળીયામાં રહેતા મકનભાઈ ઉઘલાભાઈ રાઠવા બંદુક લઈને નાચતો હતો જેથી મકનભાઈને વેસ્તાભાઈએ જણાવેલ કે તુ બંદુક ઉચી કરીને કેમ નાચે છે બંદુક મુકી દે, તેમ જણાવતા મકનભાઈ જણાવેલ કે તુ મને બંદુક મુકાવનાર કોણ છે હુ બંદુક મુકવાનો નથી તેમ કહી બોલાચાલી કરેલ. અને પછી હુ, વેસ્તાભાઈ અને બચલાભાઈ અને દેવલો ખેતરના શેઢે બેસી ગયેલ અને આ મકન હાથમાં બંદુક લઈને નાચતા નાચતા વેસ્તાભાઈને શેઢા ઉપર બેઠેલ હતા ત્યાં ભડાકો કરેલ અને વેસ્તાભાઈ ત્યાં ઢળી પડેલ અને વેસ્તાભાઈને છાતીમાં ડાબી બાજુ તથા ડાબા પગના ઘુટણીએ તથા નળા ઉપર બંદુકના છરા વાગેલા અને દવાખાને લઈ જતા રસ્તામાં મૃત્યુ પામેલ. તે વાત ખરી ની કે આરોપી જોડે સમાધાન થઈ ગયેલ હોય તેને બચાવવા ખોટી જુબાની આપુ છુ.

મચકુર તપાસ અધિકારી રાજેશભાઈ વધુમાં જણાવેલ છે કે, મે. આંક:૨૪ના સાહેદ મારી રુબરુના આંક:૧૮ પંચનામામાં એવુ લખાવેલ છે કે, નં.૬નુ નિવેદન લીધેલુ તેમને મારી રુબરુના નિવેદનમાં લખાવેલ છે કે, પોલીસે મને પટેલ ફળીયામા રહેતા કુલીયા મોહનીયા રાઠવાના ઘર આગળ આવેલ ખુલ્લી જગ્યામા એક ખાટલામા એક કપડુ ઓડાળેલ લાશ પડેલ હોય તે લાશનું પંચનામુ માટે બોલાવેલ હોય. અને જે લાશ ઉપરનુ કપડુ હટાવી જોતા પુરુષ જાતીની લાશ હોય અને જેના માથામા કાળા અને સફેદ ટુંકા વાળ છે. અને માથાના અને મોઢાના ભાગે અને ગળાના ભાગે કોઈ દેખીતા ઈજાના નીશાન જણાયેલ ન હોય અને બદનમા સફેદ પીળા કલરનો અડધી બાંયનો બુસટ અને તેની નીચે સફેદ કલરની આખી બાયની બનીયાન પહેરેલ છે. જે બુસટ બનીયાન કાડી જોતા લાશના છાતીમા ડાબી બાજુના ભાગે ગોળાકાર આશરે ૧ સે.મી. જેટલાનું કાડા ચકામા પડેલાનુ જણાવેલ અને ડાબી બાજુની પાંછડી ઉપર પણ ગોળાકાર ચકાનુ પડેલ જણાયેલ. અને લાશના ડાબા હાથના ખભા ઉપર

પણ એક કાળા કલરનુ ગોળાકાર ચકાનુ જણાયેલ. લાશના પેટના ભાગે અને કમરના ભાગે અને ગુપ્ત ભાગે દેખીતા ઈજાના નીશાન જણાયેલ નહી. લાશના બંને પગે તથા નડા ઉપર બે તથા ઘુંટણના પાછળના ભાગે મળી ડાબા પગ ઉપર પાંચ ગોળાકાર ચકામા પડેલા છે જમણા પગ ઉપર કોઈ દેખીતા નીશાન જણાયેલ નહી. લાશ ને હેરવી ફેરવી જોતા પીઠના ભાગે કોઈ નીશાન જણાયેલ નહી. લાશ ઉપરથી કોઈ દર દાગીના કે કીમતી જવેરાત મળી આવેલ નથી. અને પોલીસે કોઈ ચીજવસ્તુ કબજે કરેલ નથી. હાજર જેઠીયાભાઈ વેસ્તાભાઈ રાઠવા આ કામે મરનાર વેસ્તાભાઈ રજૂડીયાભાઈ રાઠવા નાનો હોવાનુ જણાવેલ તે પોતાના પિતાની લાશ હોવાનુ ઓળખી બતાવેલ અને મરનાર ને આરોપીએ બંદૂક વડે મરનાર ઉપર ફાયરીંગ કરતા ઈજાઓ થતા મરણ ગયેલાનુ જણાવેલ છે. એ રીતનુ પંચનામુ અમો પંચોના લખાવ્યા અનુસાર લખેલ છે.સદર સાહેદ જણાવેલ છે કે, મે આંક:૨૬ના સાહેદ નં.૭ તે આંક:૨૭ અને આંક:૨૮ના પંચનામામાં એવુ લખાવેલ છે કે, તા. ૧૦ /૧/૧૭ ના રોજ છોટાઉદેપુર પો.સ્ટે. માં અમારી રુબરુ હાજર ઈસમ નામઠામ પૂછતા તેણે પોતાનુ નામ રામલાલ ગમજી રાઠવા, રહે. નવાગામ નો હોવાનુ જણાવેલ. અને તેણે પેન્ટ શર્ટ પહેરેલ. અને તેની પાસેથી કોઈક ચીજ વસતુ કબજે કરેલ ન હોય. એ રીતનુ શરીર સ્થિતિનુ પંચનામુ કરેલુ. તા. ૨૨/૬/૧૭ ના રોજ પોલીસે અમોને સમંસ કરેલ કે છોટાઉદેપુર પોસ્ટે. ફર્સ્ટ ૬૧/૧૬, ઈપીકો કલમ ૩૦૨, આર્મ્સ એકટ ૨૫(૧બી) , ૨૭(૧) ના કામે નવાગામ ગામે રામાભાઈ મંજીભાઈ રાઠવા ના ઘરે તપાસ કરતા સદરીના ઘરે પૂંનડીબેન વાઈફ ઓફ રામાભાઈ મંજીભાઈ મળી આવેલ. તેમને સાથે રાખીને સદર મકાનના ઉત્તર દક્ષિણ દીશાના દરવાજા વાળુ , આગળ ઉત્તર ના ભાગે લોખંડના દરવાજાની જાળી બેસાડેલ છે. સદર ઉત્તર તરફના દરવાજાથી રુમમાં પ્રવેશતા આશરે ૩૦ બાય ૨૦ નો લંબાઈ પહોળાઈનો રુમ હોઈ તેની પશ્ચિમ દીશાએ દીવાલ બાજુ તીજોરી મૂકેલી છે સદરી તીજોરીમા તપાસ કરતા એક નાની બાર બોરની બંદૂક મળી આવેલ.

જે જોતા લોખંડના બેર થી લાકડાના લઠ સૂધી લંબાઈ  આશરે ૪૮ ઈંચ લોખંડની બેર ની લાકડાના લઠ સુધી લઠ સુધી લંબાઈ ૩૩ ઈંચ લાકડાના લઠની લંબાઈ આશરે સાડા પંદર ઈંચ બેરલના ઉપરના ભાગે બી/૪૩૧૯૩૪  તથા નીચેના ભાગે ૩૧૯૩૪ લખેલ છે. જે ચાલુ હાલતની છે. જે આ ગુનાના કામે ઉપયોગમાં લેવાયેલ હોય જેની કિંમત રુ. ૧ ૦૦૦૦/ ગણી તપાસ અર્થે કબજે કરી તેને સફેદ કાપડમા દોરા વડે સીવી તેના ઉપર પંચોના સહી સિકકા વાળી કાપલી આપ સાહેબની રુબરુની લાખ વડે પાકુ સીલ કરી તપાસ અર્થે કબજે કરેલ છે.

મચકુર તપાસ અધિકારી રાજેશભાઈ જણાવેલ છે કે, મારી રુબરુના આંક:૨૯ના સાહેદ નં.૮ આંક:૨૯ના પંચનામામાં એવુ લખાવેલ છે કે, તા. ૨૨/૬/૧૭ ના રોજ  પોલીસે અમોને સમંસ કરેલ કે છોટાઉદેપુર પોસ્ટે. ફ્સ્ર્ટ ૬૧/૧૬, ઈપીકો કલમ ૩૦૨, આર્મ્સ એકટ ૨૫(૧બી) , ૨૭(૧) ના કામે નવાગામ ગામે રામાભાઈ મંજીભાઈ રાઠવા ના ઘરે તપાસ કરતા સદરીના ઘરે પૂંનડીબેન વાઈફ ઓફ રામાભાઈ મંજીભાઈ મળી આવેલ. તેમને સાથે રાખીને સદર મકાનના ઉત્તર દક્ષિણ દીશાના દરવાજા વાળુ , આગળ ઉત્તર ના ભાગે લોખંડના દરવાજાની જાળી બેસાડેલ છે. સદર ઉત્તર તરફના દરવાજાથી રુમમાં પ્રવેશતા આશરે ૩૦ બાય ૨૦ નો લંબાઈ પહોળાઈનો રુમ હોઈ તેની પશ્ચિમ દીશાએ દીવાલ બાજુ તીજોરી મૂકેલી છે સદરી તીજોરીમા તપાસ કરતા એક નાની બાર બોરની બંદૂક મળી આવેલ. જે જોતા લોખંડના બેર થી લાકડાના લઠ સૂધી લંબાઈ આશરે ૪૮ ઈંચ લોખંડની બેર ની લાકડાના લઠ સુધી લ ઠ સુધી લંબાઈ ૩૩ ઈંચ લાકડાના લઠની લંબાઈ આશરે સાડા પંદર ઈંચ બેરલના ઉપરના ભાગે બી/૪૩૧૯૩૪ તથા નીચેના ભાગે ૩૧૯૩૪ લખેલ છે. જે ચાલુ હાલતની છે. જે આ ગુનાના કામે  ઉપયોગમાં લેવાયેલ હોય જેની કિંમત રુ. ૧૦૦૦૦/ ગણી તપાસ અર્થે કબજે કરી તેને સફેદ કાપડમા દોરા વડે સીવી તેના ઉપર પંચોના સહી સિકકા વાળી કાપલી આપ સાહેબની રુબરુની લાખ વડે પાકુ સીલ કરી તપાસ અર્થે

કબજે કરેલ છે.

મચકુર તપાસ અધિકારી રાજેશભાઈ જણાવેલ છે કે, મારી રુબરુના આંક:૩૦ના સાહેદ નં.૯ એ મારી રુબરુમાં આંક:૨૭ના પંચનામામાં એવુ લખાવેલ છે કે,તા. ૧૦/૧/૧૭ ના રોજ છોટાઉદેપુર પો.સ્ટે. માં અમારી રુબરુ હાજર ઈસમ નામઠામ પૂછતા તેણે પોતાનુ નામ રામલાલ ગમજી રાઠવા, રહે. નવાગામ નો હોવાનુ જણાવેલ. અને તેણે પેન્ટ શર્ટ પહેરેલ. અને તેની પાસેથી કોઈક ચીજ વસતુ કબજે કરેલ ન હોય. એ રીતનુ શરીર સ્થિતિનુ પંચનામુ કરેલુ. મુદ્દામાલ મને બતાવવામાં આવે તેજ છે.

(૩૧) ઉપર મુજબની બન્ને પક્ષકારોની રજુઆત ધ્યાનમાં લેતા તથા રજુ કરવામાં આવેલો પુરાવો જોતાં...

૧) કોઈ સ્વતંત્ર સાહેદ ફરીયાદપક્ષની હકિકતને સમર્થન આપતા નથી.

૨) બનાવ વખતે આરોપીના હાથમાં બંદુક હતી અને તેને મરનાર ઉપર ભડાકો કરેલો તે બાબતે કોઈ નજરે જોનાર સાહેદ કે ફરીયાદી સમર્થન આપતા નથી.

૩)ફરીયાદપક્ષ તરફથી તપાસવામાં આવેલા સાહેદ નં.૩ કે જેઓ આરોપી મકને તેમના પિતા ઉપર ગોળીબાર કરેલાનુ જણાવે છે અને તે હકિકત તેમને આંક:૧૧ના સાહેદ નં.૧ જેઠીયાભાઈએ જણાવેલાનુ જણાવે છે પરંતુ જેઠીયાભાઈ ફરીયાદપક્ષની હકિકતને સમર્થન આપતા નથી.

૪) આંક:૧૬ના સાહેદ નં.પ તેમના પતિ ઉપર આરોપી મકને ગોળીબાર કરેલાનુ જણાવેછે પરંતુ તેઓ સ્થળ ઉપર હાજર ન હતા અને નજરે જોનાર સાહેદ નથી તેઓએ વાતો વાતથી હકિકત જાણેલાનુ જણાવે છે.

પ)ફરીયાદપક્ષ તરફથી આરોપી ગેરકાયદેસર હથિયાર રાખેલ છે તે બાબતની મંજુરી કાયદેસર પુરવાર કરેલી નથી. આરોપી પાસેથી રીકવરી પુરવાર થતી નથી.

૬)ફરીયાદપક્ષના નજરે જોનાર સાહેદો ફરીયાદી,ફરીયાદપક્ષની હકિકતને

સમર્થન આપતા નથી.

આમ, ઉપરોકત તમામ હકિકતોને ધ્યાને લેતાં મરનારનુ ફાયરીંગના કારણે મૃત્યુ થયેલુ છે તે એક નિર્વિવાદીત હકિકત છે પરંતુ આ કામના આરોપી નં.૧ નાએ આરોપી નં.ર ની માલીકીની બંદુકથી મરનાર ઉપર ફાયરીંગ કરેલ હોય તેવુ ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરી શકેલ નથી. આમ, ઉપરોકત તમામ હકિકતોને ધ્યાનમાં લેતાં ફરીયાદપક્ષ જે પુરાવો રજુ કરેલો છે તે પુરાવામાં શંકાઓ ઉપસ્થિત થાય છે જેથી ક્રિમીનલ કેસ નં.૪૬/૧૭ તથા ક્રિમીનલ કેસ નં.૧૯/૧૮ના કામે મુદ્દા નં.ર નો જવાબનો જવાબ 'નકારમાં' આપવામાં આવે છે અને મુદ્દા નં.૩ સબંધે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**:: હુ ક મ ::**

(૧) **સેશન્સ કેસ નં.૪૬/૨૦૧૭**ના કામના આરોપી **મકનભાઈ ઉધીયાભાઈ રાઠવા** તથા **સેશન્સ કેસ નં.૧૯/૧૮ના** કામના આરોપી **રામલાભાઈ મનજીભાઈ રાઠવા બન્ને** રહે:નવાગામ,તાલુકો અને જિલ્લો– છોટાઉદેપુર નાઓને ભારતીય દંડ સંહીતાની કલમ–૩૦ર, ૧૧૪ તથા આર્મસ એકટની કલમ–ર૫(૧)બી,ર૭(૧) મુજબના ગુન્હા માંથી, ક્રિ.પ્રો.કોડની કલમ–ર૩૫(૧) અન્વયે, શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(ર) હાલના નિર્ણય સામે અપીલ થવાના પ્રસંગે એપેલેટ કોર્ટમાં આરોપી હાજર રહે તે હેતુ સારુ સી.આર.પી.સી.૧૯૭૩ની કલમ ૪૩૭–એ મુજબ આ હુકમની તારીખથી છ મહીના સુધી અમલમાં રહે તે રીતે રુા.૧૦,૦૦૦/– જાત જામીન તથા તેટલીજ રકમના સધ્ધર જામીન આપવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) આરોપી અને જામીનદારે પોતાના ધંધા અને રહેઠાણના સરનામા કોન્ટેકટ નંબર સાથે રજુ કરવા.

(૪) મુદ્દામાલ બંદુક અંગે વિ.ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટશ્રીએ ઈન્કવાયરી

કરી તેના માલીકને પરત સોંપવુ જયારે બાકીના તમામ મુદ્દામાલનો નાશ કરવો.

(૫) આ જજમેન્ટની એક નકલ સેશન્સ કેસ નં.૧૯/૧૮ના કામમાં મુકવી.

આજરોજ તારીખ :૦૩–જી માહે:નવેમ્બર,સને.૨૦૧૮ના રોજ હુકમ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

સ્થળ : છોટાઉદેપુર
તારીખ : ૦૩/૧૧/૨૦૧૮

( અબ્દુલમુનાફ ઈબ્રાહીમભાઈ શેખ)
અધિક સેશન્સ જજ,
મુ.છોટાઉદેપુર.
નવ ડડઘપણઈ